કૃપાકરી પ્રસિદ્ધિ માટે ૨૪ માર્ચ ૨૦૧૪

**ભાજપ નેતા અને માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈકે**
**સોમવાર, ૨૫ માર્ચ ૨૦૧૪ ના રોજ મુંબઈ ખાતે પત્રકાર પરિષદમાં વિતરીત કરેલ નિવેદન**

***આચારસંહિતા ભંગ ની ખોટી ફરિયાદ કર્યા બદલ***
***ચૂંટણી અધિકારી નો સંજય નિરૂપમ ને ફટકો : રામ નાઈક***

**મુંબઈ,સોમવાર** : " ભારતીય જનતા પાર્ટી વિરૂધ્ધ આચારસંહિતા ભંગની ખોટી ફરિયાદ કરી શ્રી સંજય નિરૂપમ કાગારોળ કરતા હોવાનું જણાઈ આવ્યું છે. મારી વિરૂદ્ધ ખોટી ફરિયાદ દાખલ કરી તે બાબતે સમાચારપત્રો દ્વારા તેનો હોબાળો કરનારા શ્રી સંજય નિરૂપમ , હવે તે ફરિયાદ ચૂંટણી અધિકારીએ ફગાવી હોવાથી તેઓ મારી માફી માગવાની પ્રમાણિકતા દાખવશે ખરા ? " આ મુજબનો પ્રશ્ન ભાજપ નેતા અને માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈકે આજે મુંબઈ ખાતે પત્રકાર પરિષદના માધ્યમથી કર્યો હતો. શ્રી રામ નાઈક વિરૂધ્ધ કોંગ્રેસ ના ઉત્તર મુંબઈના સાંસદ શ્રી સંજય નિરૂપમે આચારસંહિતા ભંગની ખોટી ફરિયાદ કરી વિના કારણ જે ખોટી બદનામી કરી તેનો શ્રી રામ નાઈકે જવાબ માગ્યો હતો.

સાંસદ નિધી ના જનક તરીકે ઓળખાતા શ્રી રામ નાઈક એ ૭ માર્ચ ના એક પત્રકાર પરિષદ લઈ કોંગ્રેસ - રાષ્ટ્રવાદીના સંસદોએ તેમને સ્થાનિક વિકાસ માટે મળેલ નિધીનો પૂર્ણપણે ઉપયોગ કર્યો નથી તેવો રહસ્યસ્ફોટ કર્યો હતો. તેવેળાં મુંબઈનાં છ કોંગ્રેસ - રાષ્ટ્રવાદીના વિદ્યમાન સાંસદો એ તેમને દરેક ને મળેલા ૧૯ કરોડ રૂપિયામાંથી ૧૧.૮૫ કરોડ જ વાપર્યા છે , બચેલા ૭.૧૫ કરોડ રૂપિયા સમયસર ન વાપર્યા હોવાથી મુંબઈનાં નાગરિકોના વિકાસ કાર્યો નો માર્ગ અવરોધ્યો, તેવો આક્ષેપ શ્રી રામ નાઈક એ કર્યો હતો. આ આક્ષેપ ને કારણે ભાંડો ફૂટયો હોવાનું ધ્યાન માં આવતા શ્રી નિરૂપમ કાગારોળ નો દાવ ખેલતા ઉલ્ટો ચોર કોટવાળ ને દંડે જેવો ઘાટ ઘડી રહ્યા હોવાનું સાબિત થયું છે. પોતે સર્વ નિધી વાપરી હોઈ શ્રી રામ નાઈક ખોટો આક્ષેપ કરી આચારસંહિતાનો ભંગ કરી રહ્યાં છે તેવી ફરિયાદ શ્રી સંજય નિરૂપમ એ તા.૧૦ માર્ચના ચૂંટણી અધિકારી પાસે કરી અને તેટલુંજ નહીં પરંતુ શ્રી રામ નાઈક માફી માગે તેવી પણ માગણી કરી હતી.

પત્રકાર રહેલા તેવા સાંસદ શ્રી સંજય નિરૂપમે શબ્દોની રમત રમવાનો પ્રયત્ન કર્યો હતો. પોતે રૂ.૨૦.૭૮ કરોડની નિધી પ્રકલ્પ પ્રસ્તાવિત કર્યા છે અર્થાત પૂર્ણ ફંડ વાપર્યું છે તેથી શ્રી રામ નાઈક એ માફી માગવી અને તેમણે મતદારોને ગેરમાર્ગે દોર્યા હોઈ આચારસંહિતા નો ભંગ કર્યો છે તેથી તેમની પર કાર્યવાહી થવી જોઈએ તેવી માગણી શ્રી સંજય નિરૂપમએ તેમની ફરિયાદ માં કરી હતી. આ બાબતે શ્રી રામ નાઈકે કહ્યું હતું કે : "આજ સૂધી મારી કારકિર્દીમાં પ્રત્યક્ષ ચૂંટણી મેદાનમાં હોવા છતાંયે મેં કદી કોઈના પર ખોટા ધડમાથા વગરના આક્ષેપો કર્યા નથી. સાંસદ નિધી બાબતે મને સમજણ નથી તેવું જો કોઈને લાગતું હોય તો તેની ટીકા કરીએ તેટલી ઓછી છે. સાંસદ ‘નિધી વાપરવી’ અને નિધી માટે ‘પ્રસ્તાવ પાઠવવા’ તેમાં જમીન આસમાન નું અંતર છે. સાંસદ ને અને તે પણ સરકારી પક્ષના સાંસદને પોતાના પ્રસ્તાવો પર સમયસર કાર્યવાહી કરતા ન આવડતું હોય તેના પર કોણ ભરોસો કરી શકે ?

શ્રી નિરૂપમ ની ફરિયાદ બાબતે સમાચાર વાંચ્યા બાદ મેં પોતે મારૂં નિવેદન ચૂંટણી અધિકારીને તપાસ કરવા આપ્યું હતું. શ્રી સંજય નિરૂપમને પણ પત્ર લખી મારૂં કહેવું ખરૂં છે તેથી માફી માગવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી તેમ મેં કહ્યું હતું."

ચૂટંણી નિર્ણય અધિકારી એ શ્રી સંજય નિરૂપમની ફરિયાદ બાબતે તાત્કાલિક કાર્યવાહી કરી તે માટે શ્રી રામ નાઈક એ તેમનો આભાર માન્યો હતો. ચૂંટણી નિર્ણય અધિકારી એ શ્રી રામ નાઈકના નિવેદન થી આચારસંહિતા નો કોઈ પણ પ્રકારનો ભંગ થતો ન હોવાથી તેમની પર કોઈ કાર્યવાહી કરવાનો પ્રશ્ન જ ઉભો થતો નથી, તેમ સ્પષ્ટપણે શ્રી સંજય નિરૂપમને જણાવયું છે, "હવે આ નિર્ણય ને કારણે ખોટી ફરિયાદ કરી તે બદલ શ્રી નિરૂપમ મારી માફી માગવાનો પ્રામાણીક પ્રયત્ન કરશે ખરા ? " તેવો સવાલ શ્રી રામ નાઈક એ કરેલ છે.

શ્રી સંજય નિરૂપમ એ મુંબઈ મહાનગપાલિકા મારફત હાથ ધરાયેલ કામો નો ખોટો શ્રેય લેવા ભૂમીપૂજન થયેલા કામોનું પણ ચૂંટણી જાહેર થયા પછી ફરી પાછું ભૂમીપૂજન કરવાનો પ્રયત્ન કર્યો. તેનો ફોટો પાડી રહેલા ભાજપના નગરસેવક શ્રી વિનોદ શેલાર નો મોબાઈલ આંચકી લઈ તોડી નાંખ્યો હતો. તે વિરૂધ્ધ ફરિયાદ દાખલ થઈ હોવાથી મુસીબત મા મૂકાયેલા શ્રી સંજય નિરૂપમ એ મારા વિરૂધ્ધ ખોટી ફરિયાદ કરી મતદારોને ગેરમાર્ગે દોરવાર્ને પ્રયાસ કર્યો હોય તો યે ઉત્તર મુંબઈના મતદારો હવે ફરી પાછા ફસાવાના નથી, તેઓ ભાજપ - શિવાસેના - રિપાઈ મહાયુતી ના ઉમેદવાર શ્રી ગોપાળ શેટ્ટીની તરફેણમાંજ પોતાનો કોલ આપશે તેવો વિશ્વાસ શ્રી રામ નાઈક એ આ પ્રસંગે વ્યકત કર્યો હતો.

**(કાર્યાલય સચિવ)**

(1)


# निवडणूक निर्णय अधिकारी,२६ मुंबई उत्तर लोकसभा संघ यांचे कार्यालय

प्रशासकीय इमारत, ७वा मजला, शासकीय वसाहत, वांद्रे (पूर्व), मुंबई-४०००५१.

दूरध्वनी क्रमांक २६४३५४५७, २६४३९९३४, २६४३५४८० (फॅक्स)

EMAIL ID-controllergreatermumbai@gmail.com


क्रमांक निनिअ/-२६ मुं.उ.लो.म.सं./आचार संहिता/कावि- ३३ /२०१४
दिनांकः- १८.३.२०१४

प्रति,
मा.श्री. राम नाईक
माजी केंद्रीय पेट्रोलियम मंत्री,
९,शिवस्मृती, ५१ जयप्रकाश नगर,
गोरेगाव (पुर्व) मुंबई-.४०० ०६३

**विषय** - खासदार श्री. संजय निरुपम यांनी आचार संहिता भंगाच्या केलेल्या दि.१०.३.२०१४ रोजीच्या तक्रारी बाबत.

**संदर्भ** - आपले दि.१८.३.२०१४ चे पत्र.

आपले उपरोक्त संदर्भाधीन अर्जान्वये खासदार श्री. संजय निरुपम यांनी या कार्यालयात दि. १०.३.२०१४ रोजीचे अर्जानुसार आपले विरुध्द आचार संहिता भंगाची तक्रार सादर केली असून , सादर केलेल्या तक्रारीची प्रत आपणास पाठवून दिलगिरी व्यक्त करण्याबाबत कळविले असल्याचे नमूद केले आहे. सदर तक्रारीबाबत आपण श्री. संजय निरुपम यांना दिलेल्या उत्तराची प्रत पाठविली आहे, व सदर प्रकरणी आपण योग्य ती कार्यवाही करण्याबाबत विनंती केली आहे.

खासदार श्री. संजय निरुपम यांनी केलेल्या तक्रारीची पडताळणी करण्यात आली असून या कार्यालया दि.१३.३.२०१४ रोजी खासदार श्री. संजय निरुपम यांना कळविले आहे, सदर पत्राची प्रत आपले माहिती करीता सोबत पाठविण्यात येत आहे.

(signature)
निवडणूक निर्णय अधिकारी
२६-उत्तर मुंबई लोकसभा मतदार संघ

श्री. राम नाईक
का जनसंपर्क कार्यालय-मुंबई
22 MAR 2014
Office of
Shri Ram Naik-Mumbai

(2)

## OFFICE OF THE RETURNING OFFICER, 26 MUMBAI NORTH PARTLIAMENTARY CONSTITUENCY.

Administrative Bldg., 7th Floor, Bandra (East), Mumbai 400 051
Tel. No. 26435457,26439934, 26435480Fax)
EMAIL ID- controllergreatermumbai@gmail.com

**No. RO/26MNPC/ELN/CODE-COND/WS74 /2014**
Date: 13.03.2014

**To,**

**Shri Sanjay Nirupam,**
Member of Parliament, Lok Sabha,
A/2, Parag Building, Reserve CHS Ltd.,
Chandavarkar Road, Borivali (West),
Mumbai 400092.

**Sub: Violation of Election Code of Conduct by Bhartiya Janata Party.**

**Ref: Your letter dated 10.3.2014**

I have received your letter on the above mentioned subject on 12.3.2014. On perusal of the contents of the letter it is seen that the press release by Office Secretary of Bhartiya Janata Party dated 7.3.2014 is about use of MPLAD funds. I have gone through your letter, exhibits with your letter and the guide lines issued by Election Commission of India regarding Model Code of Conduct. The accussation made in the said press release does not amount to breach of Model Code of Conduct. Hence the question of taking action for violation of Model Code of Conduct does not arise.

This is for your information.

(Dr.Avinash Dhakne)
Returning Officer,
T o/c 26 Mumbai North Parliamentary Constituency.

Copy submitted to the Collector & District Election Officer, Mumbai Suburban District for favor of information.

Returning Officer,
T o/c 26 Mumbai North Parliamentary Constituency.

निर्गमित केले
13/3/14